# ભારત સાથે ફલેગ મિટિંગ માટે પાક સહમત


### આજે બપોરે એક વાગ્યે પુંચમાં બ્રિગેડિયર સ્તરની મિટિંગ યોજાશે : તમામ મુદ્દાઓ પર ચર્ચા થશે : ભારત યુદ્ધવિરામ ભંગનો મુદ્દો જોરદાર રીતે ઉઠાવશે

નવી દિલ્હી, તા.૧૩

જો પાકિસ્તાન અંકુશરેખા પર યુદ્ધવિરામનો ભંગ જારી રાખશે તો ભારત અન્ય વિકલ્પ પર પણ વિચારણા કરશે તેવી ચેતવણી ભારતીય હવાઈદળ દ્વારા આપવામાં આવ્યા બાદ આજે પાકિસ્તાન સોમવારના દિવસે પ્રથમ બ્રિગેડિયર સ્તરની ફ્લેગ મિટિંગ યોજવા માટે સહમત થઈ ગયુ હતુ. ભારત અને પાકિસ્તાનના કમાન્ડરો વચ્ચે આ બેઠક આવતીકાલે બપોરે એક વાગ્યે પુંચમાં યોજાશે. પાકિસ્તાનનું વલણ હવે હળવું બન્યુ છે. ભારત આ ફ્લેગ મિટિંગમાં બે ભારતીય જવાનોની ઘાતકી હત્યાનો મુદ્દો જોરદાર રીતે ઉઠાવે તેવી શક્યતા છે. સાથે સાથે ભારતીય જવાનનું માથુ કાપવામાં આવ્યા બાદ આનું માથુ પરત આપવા પણ દબાણ લાવવામાં આવશે.



પાકિસ્તાન બ્રિગેડિયર સ્તરની ફ્લેગ મિટિંગ યોજવા માટે રાજી થઈ ગયુ છે. ભારત અને સેના તરફથી આ પ્રકારની વિનંતી કરવામાં આવ્યા બાદ પાકિસ્તાન આખરે ઝુકી ગયુ છે. ભારત અને પાકિસ્તાની સૈનિકોએ ગઈકાલે મોડી રાત્રે પણ પૂંચ સેક્ટરમાં અંકુશરેખા પર એકબીજા સામે તોપ તાકી હતી. સંરક્ષણ પ્રવક્તા આરકે પાલટાનું કહેવું છે કે શનિવારે પાત્રે પોણાદશ વાગ્યે પુંચ સેક્ટરના કૃષ્ણાઘાટી સબ સેક્ટરની બીજી બાજુથી અંકુશરેખા નજીક ઘૂસણખોરોની ગતિવિધિ નજર પડી હતી. સામસામે ગોળીબારમાં કોઈને નુકશાનના સમાચાર મળ્યા નથી. ભારતીય જવાનોએ ઘૂસણખોરો પર ગોળીબાર કર્યો હતો. સામસામે આશરે અડધા કલાક સુધી ગોળીબાર ચાલ્યો હતો. ૪૮ કલાક



શાંતિ રહ્યા બાદ ફરી એકવાર ગોળીબાર કરાયો હતો. શંકાસ્પદ ઘૂસણખોરોની અવરજવર પણ સરહદ પાર જોવા મળી છે. અગાઉ ભારત સરકારે એવી ચેતવણી પણ આપી હતી કે ભારત યુદ્ધવિરામના ભંગને કોઈ પણ રીતે ચલાવી લેશે નહીં. હવાઈદળના વડા બ્રાઉને સ્પષ્ટ શબ્દોમાં કહ્યુ હતુકે પાકિસ્તાન દ્વારા ૨૦૦૩માં કરવામાં આવેલી યુદ્ધવિરામની સમજૂતિનો વારંવાર ભંગ કરવામાં આવી રહ્યો છે. બીજી બાજુ પાકિસ્તાન સેના પણ એલર્ટ ઉપર થયેલી છે. પાકિસ્તાની સેનાના જવાનોની રજા હાલમાં રદ્દ કરવામાં આવી છે.

છઠ્ઠી જાન્યુઆરીના દિવસે પાકિસ્તાની સૈનિકના મોત બાદ બંને દેશો વચ્ચેની તંગદિલી વધી ગઈ છે. નવા વર્ષમાં પાકિસ્તાની સેના દ્વારા યુદ્ધવિરામનો અનેક વખત ભંગ કરવામાં આવ્યો છે. ઈન્ટેલિજન્સ સંસ્થાઓ દ્વારા જણાવવામાં આવ્યું છે કે પાકિસ્તાનની સેના યુદ્ધવિરામનો ભંગ કરીને વારંવાર આતંકવાદીઓને ભારતીય ક્ષેત્રમાં ઘૂસાડવાના પ્રયાસ કરી રહી છે. આવતીકાલે યોજાનારી બેઠકમાં તમામ મુદ્દાઓ પર ચર્ચાવિચારણા હાથ ધરવામાં આવશે.

## શહિદ હેમરાજ, સુધાકરનું ૨૬મીએ સન્માન કરાશે

કાશ્મીરના પૂંચમાં એલઓસી પર ફરજ વેળા પાકિસ્તાની સૈનિકોના હુમલામાં શહિદ થયેલા બે ભારતીય જવાનો લાંસ નાયક હેમરાજ અને લાંસ નાયક સુધાકરસિંહનું ૨૬મી જાન્યુઆરીના દિવસે સન્માન કરવામાં આવશે. આ બંનેને વીરતા પુરસ્કાર આપવામાં આવનાર છે. બંનેને મરણોપરાંત સન્માનિત કરવામાં આવશે. બંનેને કયા વીરતા પુરસ્કારથી સન્માનિત કરાશે તે બાબત જાણી શકાયુ નથી પરંતુ એમ માનવામાં આવે છે કે બંનેને સૌથી મોટા વીરતા પુરસ્કાર અશોકચક્રથી સન્માનિત કરવામાં આવશે. આ સન્માન યુદ્ધમાં વધારાના શૌર્ય, બહાદુરી અને બલિદાન માટે આપવામાં આવે છે. આ પુરસ્કારનું એટલુ જ મહત્વ છે જેટલું મહત્વ પરમવીર ચક્રનું રહે છે.

### રાહુલગાંધીને મહત્વપૂર્ણ જવાબદારી સોંપાશે

## ૨૮મીથી જયપુરમાં કોંગીની બે દિવસની શિબિર યોજાશે

જયપુર, તા.૧૩

વિશ્વમાં ગુલાબીનગરીના નામની પ્રસિદ્ધ જયપુરમાં પ્રસ્તાવિત ચિંતન શિબિરમાં કોંગ્રેસના મહાસચિવ અને સાંસદ રાહુલ ગાંધીના આગામી પગલાં મોંઘવારીનો સામનો કરી રહેલ જનતાને રાહત આપવા ભ્રષ્ટાચાર પર નિયંત્રણ મકવા માટે ઉઠાવાયેલા પગલા સહિત અગાઉની ચિંતન શિબિરમાં કરેલા નિર્ણયોની સમીક્ષા કરી નવા નિર્ણયો કરવામાં આવસે. પ્રસ્તાવિત કોંગ્રેસની ત્રિદિવસીય શિબિરમાં રાષ્ટ્રીય મહાસચિવ ક્મ સાંસદ રાહુલ ગાંધીને મહત્વપૂર્ણ જવાબદારી સોંપવાની ચર્ચા પણ તેજ બની છે. રાજકીય વર્તુળોમાં ચાલી રહેલી ચર્ચા અનુસાર આગામી મહિને ત્ર ણ પૂર્વોત્તર રાજ્યોની વિધાનસભા ચૂંટણી તેમજ વર્ષના અંતે રાજસ્થાન સહિત અન્ય રાજ્યોની વિધાનસભા ચૂંટણી તેમજ આગામી વર્ષ પ્રસ્તાવિત લોકસભાની ચૂંટણીની તૈયારી વચ્ચે જયપુરમાં ૧૮ જાન્યુઆરીની શરૂ થનાર કોંગ્રેસના બે દિવસીય ચિંતનશિબિર અને ૨૦મીના રોજ યોજાનારી અખિલ ભારતીય કોંગ્રેસ કમિટિની બેઠક પક્ષ માટે મહત્વપૂર્ણ પૂરવાર થશે જો કે થોડાક દિવસ પહેલાં કોંગ્રેસના મહાસચિવ દ્વિવેદીએ જયપુરમાં યોજાનારી પ્રસ્તાવિત ચિંતન શિબિરમાં સાંસદ રાહુલ ગાંધીની તાજપોશી શબ્દ પર સખત વિરોધ નોંધાવતા કહ્યુ હતુ કે રાહુલ ગાંધી માટે તાજપોસી શબ્દ ઉપયોગ ઉચિત નથી. તેમના વિશે પક્ષ સાથે જોડાયેલા તમામ લોકો માહિતગાર છે. બીજીબાજુ પક્ષમાં એક વર્ગ એવોછે કે તાકીદે પક્ષની કમાન રાહુલ ગાંધીને સોંપી દેવી જોઈએ. જ્યારે એક વર્ગ હાલ તેમને આવી જવાબદારી ન સોંપવામાં માને છે.

## દિલ્હી બાદ હવે પંજાબના ગુરુદાસપુરમાં પણ ગેંગરેપનો સનસનાટીપૂર્ણ બનાવ

### ગુરુદાસપુર પોલીસે સમગ્ર મામલામાં પાંચની ધરપકડ કરી લીધી : આરોપીઓની ઓળખ થઈ : એકે ગુનો કબુલ્યો

ગુરૂદાસપુર, તા.૧૩

દિલ્હી ગેંગરેપની જેમ જ વધુ એક સનસનાટીપૂર્ણ બનાવ પંજાબના ગુરુદાસપુરમાં બન્યો છે. અહીં એક બસમાં બેસેલી મહિલાની સાથે સાત લોકોએ ગેંગરેપ કર્યો હોવાનું જાણવા મળ્યુ છે. જો કે આ મામલામાં પંજાબ પોલીસે અતિ ઝડપથી કાર્યવાહી કરીને બસ ડ્રાઈવર સહિત પાંચ આરોપીઓને પકડી પાડ્યા છે.

આ ચકચારી મામલાથી સમગ્ર ગુરુદાસપુરમાં સનસનાટી મચી ગઈ છે. પોલીસે માહિતી આપતા કહ્યુ છે કે આ મહિલા ગુરુદાસપુરમાંથી પોતાના ગામ




જવા માટે એક બસમાં બેઠી હતી. બસ ડ્રાઈવર અને તેના સાથીઓએ આ પ્રકારનું કૃત્ય કર્યુ હતુ. ભોગ બનેલી મહિલાએ માહિતી આપતા કહ્યુ છે કે તે બસ મારફતે તે પોતાના સાસરે જઈ રહી હતી. બસના ડ્રાઈવરે તેના સાસરાના ગામની નજીક બસ રોકી ન હતી ત્યારબાદ બસના ડ્રાઈવર સહિત સાત લોકો આ બસને અન્યત્ર લઈ ગયા હતા. ત્યાર બાદ તેના પર બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો. ત્યારબાદ એજ બસમાં આરોપી મહિલાને તેના સાસરાની પાસે મુકીને ફરાર થઈ ગયા હતા. જો કે ગુરુદાસપુર પોલીસે સમગ્ર મામલામાં અતિ ઝડપથી કાર્યવાહી કરીને પાંચ આરોપીઓને પકડી પાડ્યા છે. ઝડપાયેલા

## ગડકરીને ઈન્કમટેક્સ વિભાગે નોટિસ ફટકારી

નાગપુર, તા.૧૩

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન ગડકરીને ઈન્કમટેક્સ વિભાગે નોટિસ ફટકારી છે. સંબંધિત તપાસ અને અમુક સહયોગી કંપનીઓના કથિત ટેક્સ ચોરીના મામલે ઈન્કમટેક્સ વિભાગે ૨૧મીએ હાજર રહેવા નીતિન ગડકરીને નોટિસ જારી કરી છે. ઈન્કમટેક્સ વિભાગના સૂત્રોના



જણાવ્યા મુજબ ગડકરીને રૂબરૂ હાજર રહેવા આદેશ આપવામાં આવ્યો છે. જેથી ગત મહિના દરમ્યાન તપાસ અને દસ્તાવેજો સંબંદિત સામસામે પૂછપરછ અને વાતચીત થઈ શકે આ માટે ગડરીએ બે માસનો સમય માંગ્યો છે. જેથી તેઓ નાગપુરમાં હાજર રહી શકે. હવે તેમના આગ્રહને લીધે તેમને ૨૧મીએ હાજર રહેવા આઈટી વિભાગે નોટિસ આપી છે. સૂત્રોના જણાવ્યા મુજબ ગડકરીની કંપની પૂર્તિ પાવર એન્ડ સુગર લીમીટેડ (પીપીએસએલ)ની સાથે જોડાયેલ ૨૮ કંપનીઓ વિશે માહિતી એકઠી કરવામાં આવી છે. તેથી તપાસ પણ કરી દેવાઈ છે.

# આજથી મહાકુંભ મેળાની ભવ્ય શરૂઆત

### આજે મકરસંક્રાંતિના દિવસે સૌથી મોટુ પવિત્ર સ્નાન યોજાશે : અનિચ્છનીય બનાવને ટાળવા અભૂતપુર્વ સલામતી વ્યવસ્થા

અલ્હાબાદ,તા. ૧૩

દર ૧૨ વર્ષમાં એક વખત યોજાતા મહા કુંભ મેળાની આવતીકાલે સોમવારથી શરૂઆત થઈ રહી છે. કુંભ મેળા દરમિયાન કોઈ પણ અનિચ્છનીય બનાવ ન બને તે માટે આ વખતે તંત્ર દ્વારા સાવચેતીના તમામ પગલા લેવામાં આવ્યા છે. કુંભ મેળામાં ૧૦ કરોડથી વધારે લોકો પહોંચનાર છે. નાગા બાબા, સાધુ સંતો અને અન્ય તમામ લોકોના ધસારાને પહોંચી વળવા માટે પહેલાથી તમામ તૈયારી કરી લેવામાં આવી છે. ગંગા, યમુના અને સરસ્વતી નદીના સંગમ સ્થાન અલ્બાહાદ ખાતે મહાકુંભ મેળાની તૈયારી કરી લેવામાં આવી છે. આવતીકાલથી શરૂ થયા બાદ કુંભ મેળો ૫૫ દિવસ સુધી ચાલશે. આ મેળાની ૧૦મી માર્ચે પુર્ણાહુતિ થશે. મેળામાં નાગા સાધુ અને અન્ય લોકો પણ પહોંચનાર છે. ત્યારબાદ



દરરોજ પવિત્ર સ્નાનો સિલસિલો ચાલશે. તેમના પાપ ધોઈ કાઢવા માટે લોકો પહોંચે છે તેવી પ્રાચીન માન્યતા છે. અલ્બાહાદ ખાતે લોકો પહોંચવા લાગી ગયા છે. અહીં મોટી સંખ્યામાં કામચલાઉ વ્યવસ્થા કરવામાં આવી ચુકી છે. મહા કુંભના આયોજકો સમાજના જુદા જુદા વર્ગોના ૧૦ કરોડથી વધુ લોકોને આવકારવા માટે તૈયાર છે. દરરોજ ૨૦ લાખ લોકો પહોંચશે. કુંભ મેળાને ધ્યાનમાં લઈને પહેલાથી ૧૨૦૦૦ પોલીસ અધિકારીઓ તૈનાત કરવામાં આવ્યા છે. આયોજકોએ ૩૫૦૦૦ ટોઈલેટ સ્થાપિત કરી છે. ૧૪ મેડિકલ સેન્ટર સ્થાપિત કરવામાં આવ્યા છે. ૨૨૦૦૦ સ્ટ્રીટ લાઈટો ગોઠવવામાં આવી છે. ૧૫૦ કિલોમીટરના કામચલાઉ રસ્તા ખાતે ખાસ વ્યવસ્થા ગોળવવામાં આવી છે. નવી સેવેજ સુવિધા પણ ઉભી કરવામાં આવી છે. વ્યુહાત્મક સ્થળ પર સીસીટીવી કેમેરા પણ ગોઠવી દેવામાં આવ્યા છે. લોકોને લાવવા અને લઈ જવા માટે આશરે ૭૦૦૦ બસ અને ૭૫૦ ટ્રેનો રહેશે.તમામ સગા સંબંધીઓ માટે અહીંથી લોકો ભેંટ પણ લઈ જશે તેની પણ ખાસ વ્યવસ્થા કરવામાં આવીછે. જુદા જુદા ઘાટ પર ખાસ વ્યવસ્થા લોકો માટે કરવામાં આવી ઠેય વર્ષ ૨૦૧૩ના કુંભ મેળામાં સૌથી મોટા સ્નાનના દિવસ તરીકે ૧૪મી જાન્યુઆરી, ૨૭મીજાન્યુઆરી, ૧૦મી ફેબ્રુઆરી, ૨૫મી ફેબ્રુઆરી, ૧૦મી માર્ચ રહેશે. બસંત પંચમીને સૌથી મોટા શુભ દિવસ તરીકે જોવામાં આવે છે. આ દિવસે ૨૦ મિલિયન લોકો પહોંચે તેવી વકી છે. મહાકુંભ મેળા દરમિયાન આ વખતે પ્રદુષણને રોકવા માટે કેટલાક પગલા લેવામાં આવ્યા છે જેના ભાગરૂપે પ્લાસ્ટિક બેગ અને સાબુના ઉપયોગ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. શ્રદ્ધાળુઓને ફુલોની માળા અને છડીઓ પાણીમાં ન ફેંકવા માટે પણ સૂચના આપવામાં આવી છે. કુંભ મેળાનું હિન્દુ પ્રાચિન માન્યતામાં ખાસ મહત્વ છે. જેમાં જણાવાયુ છે કે સમુદ્ર મંથન દરમિયાન અમૃતના કેટલાક ટીપા ફેલાઈ ગયા હતા. આ ટીપા ભારતમાં ચાર સ્થળો પર ફેલાયા હતા. રાક્ષસો અને ભગવાન વચ્ચે લડાઈ દરમિયાન આ અમૃતના ટીપા પડી ગયા હતા. એમ કહેવાય છે કે અલ્હાબાદ, નાસિક, ઉજ્જૈન, હરિદ્વારમાં ચાર સ્થળો પર આ ટીપા પડ્યા હતા એક એવી માન્યતા પણ છે કે હજારો વર્ષો પહેલા રાજાઓની સાથે નાગા બાવાઓ પણ સંગમમાં શાહી સ્નાન કરવા માટે ઉતરતા હતા. શાહી સ્નાન માટે સંગમ તરફ જતી વેળા નાગા બાવાઓ સૌથી આગળ રહે છે. ત્યારબાદ ક્રમશ મહંત, મડલેશ્વર, મહામંડલેશ્વર, આચાર્ય મહામંડલેશ્વર સ્નાનમાં ભાગ લેતા હોય છે.

## મહાકુંભ મેળા દ્વારા આશરે ૧૨,૦૦૦ કરોડની કમાણી

દર ૧૨ વર્ષમાં આવતા મહાકુંભ મેળાના કારણે સંગમગર અલ્હાબાદ ધાર્મિક રંગમાં રંગાઈ ગયું છે. ક્યાંક વૈદિક મંત્રોચ્ચાર, ક્યાંક આરતી તો ક્યાંક નાદ જોવા મળી રહ્યા છે. આ મહાકુંભ મેળાના કારણે ૧૨,૦૦૦ કરોડથી વધારેની કમાણી થશે તેમ માનવામાં આવે છે. ઉદ્યોગજગતની ટોચની સંસ્થા દ્વારા આ મુજબની વાત કરવામાં આવી છે. આ વખતે મહાકુંભ મેળા દરમિયાન ૧૦ કરોડથી વધારે લોકો પહોંચનાર છે. તંત્ર દ્વારા તેમની સુવિધા માટે તમામ પગલા લેવામાં આવ્યા છે. તાજેતરમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે સરહદ પર તંગદીલી છે. જેથી પરિસ્થિતીનો લાભ ઉઠાવીને કોઈ આતંકવાદી હુમલો ન થાય તેની ખાતરી કરવામાં આવી રહી છે. ઉત્તરપ્રદેશ સરકાર માટે પણ કુંભ મેળાને શાંતિપૂર્ણ રીતે પાર પાડવા માટે પડકાર ઉભો થઈ ગયો છે.

## શેરબજારમાં એફઆઈઆઈ દ્વારા ૮૮૦૦ કરોડ ઠલવાયા

મુંબઈ,તા. ૧૩

ભારતીય શેરબજારમાં વિદેશી રોકાણકારોનો વિશ્વાસ અકબંધ રહ્યો છે. વિદેશી સંસ્થાકીય રોકાણકારો દ્વારા ભારતીય શેરબજારમાં ૮૮૦૦ કરોડનુ રોકાણ કરવામાં આવ્યું છે. આ વર્ષના પ્રથમ બે સપ્તાહમાં ઈક્વિટીમાં જંગી રોકાણ કરવામાં આવ્યા બાદ સાબિતી મળે છે કે સ્થિતી ગુલાબી બનેલી છે. પહેલી જાન્યુઆરીથી ૧૧મી જાન્યુઆરી વચ્ચેના ગાળામાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ ૨૫૪૫૮ કરોડની કિંમતના શેરની ખરીદી કરી છે. જ્યારે ૧૬૬૪૫ કરોડની કિંમતના ઈક્વિટીનું વેચાણ કર્યું છે. આની સાથે જ નેટ પ્રવાહ ૮૮૧૩ કરોડની આસપાસનું રહ્યું છે. સેબી દ્વારા જારી કરવામાં આવેલા નવા આંકડામાં આ મુજબનીવાત કરવામાં આવી છે. સેબી દ્વારા આંકડા આપવામાં આવ્યા બાદ રોકાણકારો અને સ્થાનિક કારોબારીઓમાં પણ ભારે ચર્ચા રહી છે. વર્ષ ૨૦૧૨માં એફઆઈઆઈ દ્વારા ૧.૨૮ લાખ કરોડનુ નેટ રોકાણ ભારતીય ઈક્વિટીમાં કરવામાં આવ્યું હતું. આની સાથે જ વર્ષ ૨૦૧૦માં ૧.૩૩ લાખ કરોડના રેકોર્ડ પ્રવાહ બાદ બજાર માટે બીજા સૌથી સારા વર્ષ તરીકે આની ગણતરી કરવામાં આવી હતી. બજાર સાથે જોડાયેલા સુત્રોનુ કહેવુ છે કે વિદેશી રોકાણકારો અમેરિકામાં કટોકટીને ટાળવા સાથે સંબંધિત બિલ પસાર થયા બાદ તેમની લેવાલીની પ્રવૃતિમાં વ્યસ્ત રહ્યા છે. શેરબજાર સાથે સંકળાયેલા લોકોનું કહેવુ છે કે સુધારા પ્રક્રિયા ભારત સરકાર દ્વારા હાથ ધરવામાં આવી છે આના કારણે પણ નવી આશા જાગી છે. જો કે વર્ષ ૨૦૧૩માં એફઆઈઆઈ દ્વારા ડેબ્ટ માર્કેટમાંથી ૨૬૧ કરોડ રૂપિયા પાછા ખેંચી લેવામાં આવ્યા છે. આની સાથે જ સ્ટોક અને બોન્ડ માર્કેટમાં કુલ રોકાણનો આંકડો ૮૫૫૨ કરોડ સુધી પહોંચી ગયો છે.

## લોકસભા ચૂંટણી : નેતૃત્વ રાહુલને સોંપવાની તૈયારી

નવી દિલ્હી, તા.૧૩

આગામી વર્ષે યોજાનારી લોકસભાની ચૂંટણીમાં પક્ષનું નેતૃત્વ રાહુલ ગાંધીના હાથમાં હોવાથી આશા આજે કેન્દ્રિય મંત્રીએ વ્યક્ત કરી હતી. કેન્દ્રિય માહિતી અને પ્રસારણ મંત્રી મનીષ તિવારીએ કહ્યુ હતુ કે રાહુલ ગાંધી અમારા નેતા છે.

અમે આશા કરીએ છીએ કે ૨૦૧૪ ચૂંટણીમાં તેઓ અમારં નેતૃત્વ કરશે. આગામી વર્ષે યોજાનાર લોકસભાની ચૂંટણી સંદર્ભે પૂંછાયેલા પ્રશ્નનો જવાબ આપતા તિવારીએ કહ્યુ હતુકે અમુક રાજ્યમાં નવા રાજકીય જોડાણ કરવાના મુદ્દે પક્ષનું વલણ ઉદાર રહેશે. આગામી સામાન્ય ચૂંટણીમાં ભાજપ તરફથી નરેન્દ્ર મોદીને વડાપ્રધાન પદના ઉમેદવાર બનાવાની સંભાવના વચ્ચે કોંગ્રેસ રાહુલ ગાંધીને પોતાના નેતા તરીકે રજુ કરશે. તેના જવાબમાં તિવારીએ કહ્યુ હતુ કે સંસ્થાગત વ્યવસાય અને પ્રણાલી છે. હાલ કોંગ્રેસ પ્રમુખ અને વડાપ્રધાન વચ્ચેની સંયુક્ત શાસન પ્રણાલી છેલ્લા નવ વર્ષનું સફળતાપૂર્વક ચાલી રહી છે.

## ઓસ્ટ્રેલિયન ઓપન આજથી શરૂ

મેલબોર્ન, તા.૧૩

જેની ઉત્સુકતાપૂર્વક ટેનિસ ચાહકો રાહ જોઈ રહ્યા છે તે વર્ષની પ્રથમ ગ્રાન્ડ સેલમ ઓસ્ટ્રેલિયન ઓપનની આવતીકાલથી શરૂઆત થઈ રહી છે. ઓસ્ટ્રેલિયન ઓપનમાં પુરૂષો અને મહિલાઓના સિંગલ્સ વર્ગમાં શાનદાર દેખાવ કરવા માટે તમામ ખેલાડીઓ પ્રયાસ કરી શકે છે. જો કે ટેનિસ ચાહકો માટે નિરાશાજનક બાબત એ છે કે આ વખતે સ્પેનિશ ટેનિસ સ્ટાર રાફેલ નડાલ રમવાનો નથી. તે હજુ શારિરિક પીડામાંથી બહાર આવ્યો નથી છતાં અન્ય ખેલાડીઓ રોમાંચકતા જાળવી રાખવા માટે તૈયાર છે. આ વખતે ઓસ્ટ્રેલિયન ઓપનમાં તમામની નજર નોવાક જોકોવીક પર રહેશે. કારણ કે ઓસ્ટ્રેલિયન ઓપનમાં નોવાક જોકોવીક નવો ઈતિહાસ રચવાની તૈયારીમાં છે. પ્રથમ ક્રમાંકિત ખેલાડી આગામી બે સપ્તાહમાં નવો ઈતિહાસ રચી શકે છે. પ્રોફેશનલ એરામાં સતત ત્રણ વખત ઓસ્ટ્રેલિયન ઓપન જીતનાર પ્રથમ ખેલાડી બનવાનો પ્રયાસ જોકોવીક કરી શકે છે. ૧૨ મહિના અગાઉ જોકોવીકે પાંચમી ગ્રાન્ડસ્લેમ સ્પર્ધા જીતી હતી. અતિ રોમાંચક ફાઈનલ મેચમાં નદાલ ઉપર જોકોવીકે જીત મેળવી હતી. આ મેચ આશરે છ કલાક સુધી ચાલી હતી. જોકોવીકની આદેકુચને રોકવા માટે પણ કેટલાક ખેલાડીઓ સજ્જ છે. જેમાં રોજર ફેડરર અને બ્રિટીશ સ્ટાર એન્ડી મરેનો સમાવેશ થાય છે. મરેએ વર્ષ ૨૦૧૨માં અનેક ઐતિહાસિક સિદ્ધી મેળવી હતી. જેમાં ઓલિમ્પિકમાં સુવર્ણ ચન્દ્રકનો સમાવેશ થાય છે. ઉપરાંત તે ગ્રાન્ડ સ્લેમ જીતવામાં પણ સફળ રહ્યો હતો. જેથી આ વખતે તેની પાસેથી પણ અપેક્ષા વધી ગઈ છે. અગાઉ છેલ્લે સતત ત્રણ વખત ઓસ્ટ્રેલિયન ઓપન જીતવાની સિદ્ધિ રોય ઈમરસન દ્વારા મેળવવામાં આવી હતી.

### ચિંતન સભા (પાના નં. ૪ નું ચાલુ)

ભગવાન સ્વામિનારાયણને હું પ્રાર્થના કરૂં છું. તે સૌ રૂડાવાના કરશે. હવે તો હું ભૂજ મંદિરમાં છું. અવારનવાર આવતા રહેજો. અત્યારે તમે ભુજ જાઓ તમારા બાબાને તરત આરામ થઈ જશે.

ભૂજ આવ્યો. ડૉકટરોએ સ્થિતિ ગંભીર ઘણાવી પરંતુ હું ભગવાનને અને સ્વામીજીને સંભારી પુષ્પદાનને મળ્યો કે તરત જ તેને આરામ થઈ ગયો. પછી તો મંદિરે જઈ સ્વામીજીના દર્શન કરીને આભાર માન્યો. અવારનવાર દર્શને જતો ત્યારે સ્વામીશ્રી કહેતા, ‘અમને તમોને વર્તમાન ધરાવવા ઈચ્છા થાય છે.’ ત્યારે મેં કહેલું કે, ‘હું નિયમો ન પાડી શકું તો દોષ લાગે’ ત્યારે સ્વામીશ્રી કહેએ તો પ્રભુ પોતે બળ આપશે અને હું મારૂં પુણ્ય આપીશ અને એ દિવસે જ શુભમુહુર્તમાં કંઠી પહેરાવી અને પૂ. દેવેન્દ્ર પ્રસાદજી મહારાજ જયારે ભૂજ પધાર્યા ત્યારે ગુરૂમંત્ર અપાવ્યો.

જયારે જયારે કચ્છમાં આચાર્ય મહારાજશ્રી પધારતા ત્યારે સભામાં મને છંદ અને કાવ્યો માટે નિમંત્રણ મળતું. જે હું હાજર રહી સંભળાવતો. ઈ.સ. ૧૯૫૨માં આચાર્ય મહારાજશ્રીએ પોતાનો મને મહેમાન બનાવેલો. મેં. પૂ. બાલકૃષ્ણદાસજી સ્વામીજીના ઐશ્વર્યો અનુભવ્યા છે. મારા સદ્‌ભાગ્ય કે મને ઘેર બેઠા આવા સદ્‌ગુરૂ મળ્યાં.’

ભાઈશ્રી પુષ્પદાન ગઢવી (ભૂ.પૂ. એમ.પી.કચ્છ) મારા નાનપણના મિત્ર. એક વખત પૂ.શ્રી શંભુદાનજી બિમાર પડ્યા. બિમારી અસાધ્ય હતી. મને વાત કરી મેં પૂ. ધ્યાની સ્વામીજીને વાત કરતાં કહ્યું કે આપશ્રી અને સંતો પુષ્પદાન ભાઈના ઘેર આવો તો તેમને ધીરજ સાંત્વન મળે. પૂજ્ય ધ્યાની સ્વામીજી અને સંતો પધાર્યા. પૂ. શંભુદાસજીને કહે હમણાં ભગવાન નહિં તેડી જાય. અમે પ્રાર્થના કરી છે. પૂ. શંભુદાસજી દસ વર્ષ જીવ્યા. સ્વામીજી પાસે તેમણે એવા આશીર્વાદ માગ્યા કે પુષ્પદાન દરરોજ મંદિરે દર્શન કરવા આવે. એ નિયમ પુષ્પદાનભાઈ આજે પણ પાડે છે.

ઘણાં વર્ષો પહેલાં પૂજય સ્વામીજી ગાંધીનગર સેકટર-૨માં મંદિર નિર્માણ કાર્ય પૂજય આચાર્ય મહારાજશ્રી તેજેન્દ્ર પ્રસાદજી મહારાજની આજ્ઞાથી કરી રહ્યા હતા. ત્યારે હું ગાંધીનગર હતો. ત્યાં પુષ્પદાનભાઈ આવ્યાં. મને કહે મારે સાંસદ તરીકે કચ્છના લોકોની સેવા કરવી છે. તમે પૂ. સ્વામીજીના આશીર્વાદ લેવડાવી દો. જો કે મારી સામે ઘણા નામો મોટા માથા છે. મારો ગજ વાગે એવું લાગતું નથી.

અમે પૂજય સ્વામીજીને વાત કરી. સ્વામીશ્રી કહે ભગવાનને પ્રાર્થના કરીશ. ભગવાન સારૂં કરશે અને તમને ટિકીટ મળી ગઈ. પછી તો ચૂંટણીમાં જીતવા આશીર્વાદ માગ્યા. પૂ. સ્વામીશ્રી કહે, ‘ભગવાને આટલું કર્યું તો હવે આટલું પાર નહિ પાડે? પૂ. સ. ગુ. ધ્યાની સ્વામીજીના શુભાશીર્વાદથી ભગવાનની અસીમ કૃપાથી તેઓ ચાર ટર્મ ચૂંટાતા રહ્યાં.’